




## મુખ્ય સમાચાર

**News of Wednesday, 11th January, 2017**

# વાઈબ્રન્ટ સમિટ : આઈટી ક્ષેત્રમાં ૧૬૦૦૦ કરોડના એમઓયુ થયા

### બાયો ટેકનોલોજી ક્ષેત્રમાં ૫૦૨૨ કરોડના એમઓયુ કરાયા : બાયો ટેકનોલોજી, આઈટી ક્ષેત્રે થયેલા એમઓયુ, ફાર્મસી, કૃષિ, પર્યાવરણ, ઉદ્યોગ અને મરીન ક્ષેત્રે વિકાસની નવી તકો સર્જાશે : શિક્ષણ પ્રધાન ચુડાસમા

અમદાવાદ, તા.૧૧ : ગુજરાત વાઈબ્રન્ટ ૨૦૧૭ના ભાગરૂપે હજુ સુધી ૨૪૩૭૨ મૂડીરોકાણ સાથે સંબંધિત એમઓયુ મળ્યા છે. જે પૈકી ૨૨ સેક્ટરોમાંથી ૫૮૮૬ મળ્યા છે અને ૧૮૫૧૬ એમએસએમઈ સેક્ટર સાથે જોડાયેલા છે. આ અંગેની પુરતી માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવી ચુકી છે. ૨૧મી સદીમાં સૌથી વધુ વિકાસની શકયતા ધરાવતા બાયોટેકનોલોજી ક્ષેત્રે આજે વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૧૭ અંતર્ગત ૩૭ કંપનીઓ દ્વારા ૫૦૨૨ કરોડના ૫૪ એમઓયુ અને આઈટી ક્ષેત્રે ૧૬૦૦૦ કરોડના ૭૯ એમઓયુ થયા હતા. શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, નોબેલ લોરિએટ્સ ડૉ. હેરોલ્ડ વાર્મસ, ડૉ. વિજય રાધવન, સેક્રેટરી, બાયોટેકનોલોજી, ભારત સરકાર તથા બાયોટેકનોલોજી અને આઈટી ક્ષેત્રે સંકળાયેલ કંપનીઓના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં આજે મહાત્મા મંદિર,




Most Popular in last 8 days

Read | Emailed

- હવે ૭.૫૦ લાખ સુધીની આવક ઉપર નહિ ભરવો પડે ટેક્ષ
- ૫૦૦ અને ૨૦૦૦ની નોટની નવી ડિઝાઇન રિઝર્વ બેંક અને સરકારે મે-જુનમાં મંજુર કરી હતી તો પછી ઉર્જીત પટેલની સહી આવી કઇ રીતે ? તેઓ ચાર્જમાં હતા જ નહી

PDFmyURL lets you convert a **complete website to PDF** automatically!

ગાંધીનગર ખાતે વાયબ્રન્ટ ગ્લોબલ સમિટ અંતર્ગત બાયોટેકનોલોજી વિષય પર યોજાયેલા સેમિનારમાં પ્રારંભમાં  રાજય સરકાર સાથે આ એમઓયુ સંપન્ન થયા હતા. બાયોટેકનોલોજી ક્ષેત્રે એમઓયુ કરનાર કંપનીઓમાં ૧૪ કંપનીઓએ ફાર્મા અને હેલ્થકેર બાયોટેકનોલોજી ક્ષેત્રે ૨૨૨૮ કરોડ, ૪ કંપનીઓએ ઈન્ડસ્ટ્રિયલ બાયોટેકનોલોજી ક્ષેત્રે ૨૦૭૬ કરોડ, ૩ કંપનીઓએ બીટી ઈન્ફ્રાસ્ટ્રકચર ક્ષેત્રે ૬૦૫ કરોડ, ૧૫ કંપનીઓ◌ે કૃષિ બાયોટેકનોલોજી ક્ષેત્રે ૯૩.૧ કરોડ, પાંચ કંપનીએ પર્યાવરણ બાયોટેકનોલોજી ક્ષેત્રે ૨૯.૫ કરોડ, ૪ કંપનીઓએ બાયોસર્વિસ ક્ષેત્રે ૨૪ કરોડ, ૩ કંપનીઓએ મરિન બાયોટેકનોલોજી ક્ષેત્રે ૨૦.૫ કરોડ, ૨ કંપનીઓએ બાયોઈન્ફોર્મેટિકસ સેવાઓ ક્ષેત્રે ૩.૭ કરોડ અને ૧ કંપનીએ બાયોટેકનોલોજી ઈન્સ્ટ્રુમેન્ટેશન ક્ષેત્રે ૨ કરોડના રોકાણના ઈરાદાઓ વ્યકત કરતા એમઓયુ ગુજરાત સરકાર સાથે કર્યા છે. આમાંની ૩૭ કંપનીઓએ બાયોટેકનોલોજી ક્ષેત્રે નવા ઉદ્યોગોનો પ્રારંભ કરવા માટે ૪૮૨૨ કરોડ અને ૧૫ કંપનીઓએ બાયોટેકનોલોજીના પોતાના હાલના ઉદ્યોગોના વિકાસ માટે ૨૬૯ કરોડના એમઓયુ કર્યા છે. આ પ્રસંગે ઉપસ્થિત શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ ૨૧મી સદીને બાયોટેકનોલોજીની સદી લેખાવતાં જણાવ્યું હતું કે, બાયોટેકનોલોજી ક્ષેત્રે થયેલા આ એમઓયુના કારણે રાજયના કૃષિ, પર્યાવરણ, આરોગ્ય, ફાર્મસી, ઉદ્યોગ, બીટી, મરિન જેવા અનેક ક્ષેત્રોને વિકાસની નવી તક સાંપડશે. રાજયના વિવિધ ક્ષેત્રોના વિકાસ માટે રાજય સરકારે આરોગ્ય, કૃષિ ઉદ્યોગ સ્ટાર્ટઅપ જેવી અનેક પોલીસીઓ જાહેર કરી છે તેમાં બાયોટેકનોલોજી આધારિત ઉદ્યોગોના વિકાસ સાથે ૧ લાખ રોજગારીની તક ઉભી કરશે. અંદાજે ૧૫૦૦૦ કરોડના ટર્નઓવરની શકયતા ધરાવતા બાયોટેકનોલોજી ઉદ્યોગોના આધારે રાજયમાં બાયોટેકનોલોજી પાર્કસ અને બાયોટેકનોલોજી યુનિટસને પણ પ્રોત્સાહન મળશે ઉપરાંત સ્ટાર્ટઅપ, સંશોધન વગેરેને પણ વેગ મળશે. સમગ્ર દેશમાં વર્ષ-૨૦૦૫માં બાયોટેકનોલોજી આધારિત ઉદ્યોગોનો વિકાસ ૧.૧ બિયિયન યુએસ ડોલરમાં હતો જે આજે ૭ બિલિયન યુએસ ડોલર્સ પહોંચ્યો છે. જે વર્ષ ૨૦૨૫માં ૧૦૦ બિલિયન યુએસ ડોલર્સ પહોંચે તેવી સંભાવના છે. ચુડાસમાએ બાયોટેકનોલોજી ક્ષેત્રે વિકાસ માટે રાજય સરકારની પ્રતિબદ્ધતા વ્યકત કરી હતી અને જણાવ્યું હતું કે, બાયોટેકનોલોજી ક્ષેત્રે કંપનીઓ કાર્યરત હતી જયારે આજે ૧૭૫ કંપનીઓ બાયોટેકનોલોજી ક્ષેત્રે વિવિધ ઉદ્યોગોમાં સક્રિય છે, જે રાજયને અંદાજે ૪૫૦૦ કરોડની મહેસુલી આવક અપાવે છે તેમાં ફાર્મા બાયોટેકનોલોજી એગ્રી બાયોટેકનોલોજી, એન્વાયરમેન્ટલ બાયોટેકનોલોજી આધારિત ઉદ્યોગો અગ્રીમ સ્થાને છે.

(09:33 pm IST)

**Share This News**

**Follow Akilanews.com**

- મોદીના સમયમાં જ રામમંદિર : નિર્માણની તારીખ અયોધ્યા આવીને કરશે
- મફત ચીજવસ્તુ મુદ્દે કોર્ટે પંચ પાસે જવાબ માંગ્યો
- ગેરકાયદે નિર્માણ કેસમાં હવે કપિલ શર્માની સામે મુશ્કેલી
- પંજાબ-ગોવા ચૂંટણી....
- BSNLનો ધમાકો : રિલાયન્સ જિયો કરતાં પણ સસ્તો ઇન્ટરનેટ પ્લાન
- વિદેશથી ફોન આવે ત્યારે સ્ક્રીન પર લોકલ નંબર હોય તો સાવધાન!

મુખ્ય સમાચાર

- ડોલરની સામે રૂપિયો ૬૮.૩૩ની સપાટીએ
- મોદીના વિઝન, મિશન અને એકશનનો લાભ ગુજરાતને
- રાજ બેંકમાં મોટી રકમ ડીપોઝીટ કરનાર ખાતેદારોના નિવેદન નોંધતુ IT

વધુ સમાચાર

સમાચાર રાજકોટ

- ચિત્રકુટધામ સોસાયટીમા દિવાળીનો ઝગમગાટખોડલધામ રથયાત્રાનું જાજરમાન સ્વાગત : મહાઆરતી-મહાપ્રસાદ
- કેન્યાના દર્દીને આધુનિક ટેકનોલોજીયુકત બેકલોફેનની જટીલ સર્જરી સફળ કરતા સ્ટર્લીંગના ડો. ગૌરાંગ વાઘાણી
- મ્યુ. કમિશ્નર પાનીનું પ્રથમ બજેટ ''નપાણીયુ'' કે ''પાણીદાર''? ૨૦-૨૧મીએ રજૂ કરવા હિલચાલ

વધુ સમાચાર

સૌરાષ્ટ્ર-કચ્છ

- કાલે સ્વામી વિવેકાનંદ જન્મજયંતી
-

PDFmyURL lets you convert a **complete website to PDF** automatically!

PDFmyURL

COMMENTS(0)

To post your comment please register / login

No comments posted yet.

ખંભાળીયામાં પ્રજાસતાક પર્વ અને રાષ્ટ્રીય મતદાન દિવસ ઉજવવા તૈયારી

- કાતિલ ટાઢથી ઘઉં, ચણા, ધાણા, જીરૂના પાકને ફાયદો

વધુ સમાચાર

## સમાચાર ગુજરાત

- વડોદરામાં પોલીસના સ્વાંગમાં બે લૂંટારુઓ વૃદ્ધાના દાગીના ચાઉં કરી ગયા
- જબ મિલ જાયે તીનકે કા સહારા: અમદાવાદમાં આત્મહત્યાના બે બનાવોમાં બંને યુવકનો બચાવ
- ભજીયાવાલાની પુત્રની અરજી ઉપર સુનાવણી પુર્ણ

વધુ સમાચાર

## દેશ – વિદેશ

- ફિલિપાઈન્સમાં ૭.૩ની તીવ્રતાના ભૂકંપના આંચકા
- ૨૦ જાન્યુઆરી પછી પણ ચાલુ રહેશે ભારત-અમેરિકા વચ્ચેની હોટલાઇન
- હેલ્થી લાઇફ પણ અટેકના જોખમને ઘટાડે છે : રિપોર્ટ

વધુ સમાચાર

## એન. આર. આઈ. સમાચાર

- શ્રીલંકન અમેરિકન મહિલા સુશ્રી રોહિણી કોસોગ્લુને પોતાના સ્ટાફમાં ડેપ્યુટી ચિફ તરીકે નિમણુંક આપતા સુશ્રી કમલા હેરીસ છેલ્લા દસકાનો કોંગ્રસની કાર્યવાહી અંગેનો અનુભવ ધ્યાને લીધો
- આગામી ૨૦ જાન્યુ.ના રોજ અમેરિકાના ૪૫મા પ્રેસિડન્ટ તરીકે ડોનાલ્ડ ટ્રમ્પ સોગંદ લેશે શપથ વિધિને ઉમંગભેર વધાવવા ઇન્ડિયન અમેરિકન રિપબ્લીકન અગ્રણીઓ દ્વારા તડામાર તૈયારીઓ શરૂ :

PDFmyURL lets you convert a **complete website to PDF** automatically!

PDFmyURL

૧૯ જાન્યુ.ના રોજ યોજાનાર ખાસ સમારોહમાં ટ્રમ્પના વહીવટીતંત્રમાં મહત્વનું સ્થાન મેળવનાર સુશ્રી નિક્કી હેલીનું બહુમાન કરાશે ૨૦ જાન્યુ.ના રોજ શપથ વિધિ પ્રસંગે ભારતીય સંસ્કૃતિનું નિદર્શન કરાવતો પ્રોગ્રામ રજુ કરાશે

- ભારતના ચલણમાંથી રદ કરાયેલી નોટો બદલવાની મુદત ૩૧ ડિસેં. સુધી લંબાવવા વિદેશ સ્થિત ભારતીયોની માંગણી : બેંગલુરૂમાં યોજાઈ ગયેલા પ્રવાસી ભારતીય દિવસમાં ઉપસ્થિત GOPIO ના પ્રતિનિધિઓ તથા દુબઈ તેમજ મસ્કત સ્થિત અગ્રણીઓ દ્વારા રજુઆત

વધુ સમાચાર

## ખેલ જગત

- અઝહરે હૈદરાબાદ ક્રિકેટ એસોસિયેશનના અદયક્ષપદ માટે ફોર્મ ભર્યુ
- રણજી ટ્રોફીઃગુજરાત સામે મુંબઈ ૨૨૮ રનમાં ઓલઆઉટ
- ૧૦ ફૂટ ઉંચી જાળી કૂદીને ધોનીને પગે લાગવા પહોંચ્યો ફેન

વધુ સમાચાર

## ફિલ્મ જગત

- રેપર બાદશાહના ઘરે દિકરીનો જન્મઃ સોશિયલ મિડીયા પર તસ્વીર શેર
- સેલ્ફી વિથ કિંગખાન
- વિદ્યા સાથે પડકારરૂપ ભૂમિકા ભજવી રહી છે પલ્લવી શારદા

વધુ સમાચાર



PDFmyURL lets you convert a **complete website to PDF** automatically!
PDFmyURL

© 2009 - 2010 All Rights Reserved by Akila Rajkot India.

(Leading Gujarati news paper of Rajkot Gujarat India with Gujarati Audio News)

Privacy Policy | Sitemap

અકિલા વિશે
અકિલા ટીમ
સંપર્ક

PDFmyURL lets you convert a **complete website to PDF** automatically!